Acknowledgement

SMT. HANSA MEHTA LIBRARY
The M. S. University of Baroda

# નિવેદન

મને સાહિત્યપ્રીતિ વારસામાં મળી છે. મારા અધ્યાપક પિતાના વિચાર-વાચન અને નિષ્ઠાપૂર્ણ અધ્યાપનને નાનપણથી નિહાળ્યું છે. ભરૂચ જિલ્લાના જંબુસર જેવા નાનકડા તાલુકા શહેરમાં શાળા અને કૉલેજનો અભ્યાસ પૂર્ણ કર્યો ત્યારે સ્વપ્નમાંય ખ્યાલ નહોતો કે હું સાહિત્યક્ષેત્રે ઉચ્ચતમ પદવી પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ બનીશ. વિજ્ઞાનપ્રવાહની વિદ્યાર્થિની હોવાથી ડૉકટર બનવાના સ્વપ્ન સેવ્યા હતા અને સેવાભાવી ડૉકટર તરીકેની કારકિર્દી બનાવાની મહત્ત્વકાંક્ષા રાખી હતી પણ સંજોગો એવા ઊભા થયા કે મેડિકલ ડોકટર બનવાને બદલે મારી નિયતિને મને સાહિત્યના ડૉકટર બનાવવાનું વધુ યોગ્ય લાગ્યું હશે. કળા તથા સાહિત્યના સંસ્કાર અને રસરૂચિ તો મારામાં શૈશવથી જ હતાં. કાવ્ય અને વાર્તાસૃષ્ટિમાં રમમાણ રહેવાનું ખૂબ ગમતું. જંબુસર કેન્દ્રમાંથી બી.એ. અને એમ.એ.ની પરીક્ષા આપી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સ્નાતક-અનુસ્નાતક બંને સ્તરે યુનિવર્સિટીમાં પ્રથમ રહી.

પારિતોષિકો તથા ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા પછી તો મારી સાહિત્ય રૂચિ દ્વિગુણિત બની ગઈ. અમારા એક હિતેચ્છુ વડીલમિત્રના સૂચનથી વડોદરા પીએચ.ડી.ના અભ્યાસ અર્થે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રૉ.સુધાબહેન પંડ્યાને મળવા મારી મિત્રને લઈને એક સવારે એમને ઘેર પહોંચી. પ્રથમ મુલાકાતે જ ઉષ્મા અને આવકાર સાંપડ્યા. આમ તો મારા કૉલેજકાળ દરમ્યાન જ હું મૌલિક વાર્તાઓ અને કાવ્યો લખતી હતી એટલે મારો વિશેષ ઝોક વાર્તા સ્વરૂપ પરત્વે વધુ હતો. મનમાં તો એમ હતું કે ગુજરાતી વાર્તાસાહિત્યના અભ્યાસને કેન્દ્ર સ્થાને રાખીશ પરંતુ જાણવા મળ્યું કે ગુજરાતી વાર્તાસાહિત્યને અનેકવિધ દૃષ્ટિકોણથી મૂલવતા મહાશોધનિબંધો રજૂ થઈ ચૂક્યા છે. વાર્તાઓના અભ્યાસ માટે હું કોઈ જુદો અભિગમ સ્વીકારું તો પણ પુનરાવર્તન થવાનો પુરો અવકાશ રહેવાનો.

સુધાબહેને મારા હાથમાં સ્વામી આનંદનું ‘ધરતીનું લૂણ’ પુસ્તક મૂક્યું. એના વાચને મારા ચિત્તમાં નવાં જ આંદોલનો જગાડ્યા. ઘણું વિચારતા રેખાચિત્રનું વણખેડાયેલું સ્વરૂપ ધ્યાનમાં આવ્યું. આદરણીય ડૉ. ભરત મહેતાએ વિષયવિમર્શ અંગે સહાય કરી હર્ષ વ્યકત કર્યો. મને પણ આ પડકાર ઝીલવો ગમ્યો. અમે વિચાર્યું કે સંશોધન કરવા આવા ક્ષેત્રમાં ઝંપલાવવાની આવશ્યકતા છે. સાહિત્યના કોઈપણ સ્વરૂપનો અભ્યાસ હોય એમાં આપણો અભિગમ અને સૂક્ષ્મ અવલોકનશક્તિની અપેક્ષા હોય છે અને આખરે તો વાર્તા હોય કે

રેખાચિત્ર, પણ સર્જકનો શબ્દ તો માનવમન તરફ જ દોરી જતો હોય છે. મને માનવમનના ઊંડાણોને દર્શાવતા સાહિત્યમાં ઘણો રસ હોવાથી મેં આ વિષય પરત્વે માહિતી એકત્રિત કરવા માંડી. આ રીતે ઘણી ચર્ચા-વિચારણાને અંતે ગુજરાતી રેખાચિત્ર સાહિત્યના વિશાળ અને ગહન ફલક પર તલસ્પર્શી અભ્યાસ કરવાનું સ્વીકાર્યું.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'સુદામાચરિત્ર' જેવાં અનેક ચરિત્રો પદ્યમાં ઉપલબ્ધ છે પરંતુ નર્મદે ગુજરાતી ગદ્યનો આરંભ કર્યો ત્યારથી ગદ્યમાં સર્જાવા માંડેલાં રેખાચિત્રોથી શરૂ કરી આજ સુધીનાં રેખાચિત્રો તપાસવાનો અહીં મારો ઉપક્રમ રહ્યો છે. પશ્ચિમના સ્વરૂપ વૈવિધ્યને ધ્યાનમાં રાખીને સુધારકયુગમાં અનેક ગદ્યસ્વરૂપોમાં ખેડાણ થવા માંડ્યું હતું. એવું જ રેખાચિત્રના સ્વરૂપનું સર્જન પણ શરૂ થયું. વળી, આમ તો સર્જક સંપર્કમાં આવતી કોઈ અનોખી વ્યક્તિ કે એના ચિત્તે ઝીલેલી કોઈ ચિરસ્થાયી સ્મૃતિને શબ્દદેહ આપવાનું સર્જકને ગમતું હોય છે. રેખાચિત્ર એટલે વ્યક્તિચિત્ર એવી એક સામાન્ય સમજણ તે સમયે પ્રવર્તમાન હતી અને આજે પણ છે. મોટાભાગના ગદ્યસ્વામીઓએ રેખાચિત્ર સ્વરૂપને અનેક રીતે આલેખવાનો પ્રયત્ન કર્યો છે. આ વ્યાપક વિષયમાં પ્રવેશતાં મને કેટકેટલા સર્જકોની કલમની-અભિવ્યક્તિતરાહોનો પરિચય મળ્યો એ આ શોધનિબંધને અંતે હું આનંદ વ્યકત કરતાં કહી શકું એમ છું.

આરંભે ઘણું સહેલું લાગતું આ સંશોધનકાર્ય જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ પ્રગાઢ સમુદ્રમાં ડૂબકી મારવા જેવું લાગ્યું. જ્યાં હાથ નાંખીએ ત્યાં રેખાચિત્રના મોતી કે છીપલાં હાથ લાગે એવું કંઈક અનુભવાયું. મારા માર્ગદર્શક હંમેશાં કહેતાં કે પીએચ.ડી. કરવું સહેલું નથી અને આટલી મથામણો બાદ તો મને પણ અનુભવાયું કે પીએચ.ડી.નો માર્ગ કોઈ રાજમાર્ગ તો નથી જ. સારી એવી મથામણ બાદ થોડીક સ્પષ્ટતા સાથે આ વિષયનો અભ્યાસ આરંભ્યો. ગુજરાતી સાહિત્યના ઈતિહાસનો અભ્યાસ બદલાતા જતા સર્જનપ્રવાહને કેન્દ્રમાં રાખી પાડવામાં આવેલા સાહિત્યિકયુગો પ્રમાણે કરવામાં આવે છે. મેં પણ એ ધોરણો સ્વીકારીને કરવામાં આવેલા યુગખંડો પ્રમાણે રેખાચિત્રના આલેખનમાં કેવાં પરિવર્તનો આવતાં રહ્યાં છે તેનો સદૃષ્ટાંત અભ્યાસ આ શોધનિબંધમાં રજૂ કર્યો છે.

આમ તો પ્રત્યેક માણસના જીવનમાં કેટલાક વિશિષ્ટ માનવોનો ભેટો થતો હોય છે. બધા લખી શકતા નથી, માત્ર કહે છે પરંતુ જેની પાસે શબ્દનું સશકત સાધન છે તેના

વડે કલાકીય ઓપ આપી તે વાચક સમક્ષ મૂકે છે, પોતાનાં સંસ્મરણોમાં સહભાગી બનાવે છે. એમાં જ સર્જકશૈલીનું બળ તથા અભિવ્યક્તિની તરાહો પામી શકાય છે. સાહિત્યસૃષ્ટિમાં પ્રસંગકથાઓ તથા સંસ્મરણકથાઓ તો અઢળક છે. એક રીતે કહીએ તો બીજી વ્યક્તિની વાત કરીએ એ જ પ્રસંગ બની જતો હોય છે પણ એના આલેખનમાત્રથી કંઈ સાહિત્યિક મૂલ્ય બંધાઈ જતું નથી. એટલે માત્ર સંસ્મરણો કે લેખોનો અહીં સમાવેશ કર્યો નથી. પોતાના જીવનને પ્રભાવિત કરનારા દેશનેતાઓ, અભિનેતાઓ, ધર્મગુરૂઓ, સાહિત્યકારો, પ્રેરણાદાયી વ્યક્તિઓ કે વિભિન્ન ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિઓ વિશેના અસંખ્ય ચરિત્રલેખો ગુજરાતી ભાષા તેમજ અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે. અન્યત્રની જેમ ગુજરાતી સમાજમાં પણ ગુરૂભક્તિ વ્યાપક સ્તરે જોવા મળે છે. એટલે જ તો સંતો, મહંતો, મઠાધીશો વગેરેના ચરિત્રલેખો પણ આલેખાયા છે. Hero Worshipમાં માનતી પ્રજા જેમનાથી અભિભૂત થાય, પ્રભાવિત થાય એવી વિભૂતિવંદના કરતા કે ભાવોર્મિથી શ્રધ્ધાંજલિ આપતા અનેક ચરિત્રલેખો પ્રાપ્ત થાય છે. તે-તે સર્વને ગણનામાં લેવાનો ઉપક્રમ અહીં રાખ્યો નથી. વળી, કોઈ પણ વ્યક્તિ વિશે જે લખાય તે રેખાચિત્ર ન બની જાય કારણ કે નિત્યક્રમ જાણવામાં કોઈને રસ નથી. આમ તો સામયિકો કે વર્તમાનપત્રોમાં અઢળક વ્યક્તિચિત્રો આવતાં હોય છે. એ સર્વને આપણે રેખાચિત્ર કહેતા નથી કે નથી કહેતા માત્ર આંતર-બાહ્ય સુંદર-અસુંદરતાની નોંધાયેલી વાતોને. એને સાહિત્યિક સ્પર્શ મળવો આવશ્યક છે. નિરૂપિત પાત્ર કરતાં સર્જકશૈલી જ રેખાચિત્રોને સ્વરૂપગત વિશેષતા બક્ષે છે.

પ્રત્યેક સર્જનમાં મનુષ્ય અનેકવિધ રીતે સંકળાયેલો હોય છે અને રેખાચિત્રમાં તો મોટાભાગે વ્યક્તિ જ કેન્દ્રમાં રહેલી જણાય છે. લેખો તથા વ્યક્તિવિષયક લખાણોને રેખાચિત્ર સ્વરૂપમાં ગણાવવાનો પ્રયાસ ઘણાએ કર્યો છે પણ એમાં નીવડેલાં કેટલાં ? આવી તો અસંખ્ય સાહિત્યિક કૃતિઓ ઉપલબ્ધ છે જેની ગણના કરવા બેસીએ તો ખડકલો થાય. સ્વરૂપને પોતાની ગરિમા હોય છે તેથી વ્યક્તિવિશેષ માટે જે કંઈ લખાયું છે તે બધાં રેખાચિત્ર છે એમ ન કહેવાય. અનિવાર્ય લાઘવ, ચુસ્ત શિસ્ત, વાચકચિત્તમાં તાદશ કરવાની શબ્દની તાકાત હોય તો જ રેખાચિત્રનો આકાર-આકૃતિ બને. જે સંગ્રહને સર્જકે પોતે કે અન્ય વિદ્વાન વિવેચકોએ રેખાચિત્ર સ્વરૂપમાં પ્રદાન તરીકે ગણાવ્યાં છે તે સઘળાંને ઉપલબ્ધ કરી, ઊંડાણથી અભ્યાસી, યુગસંદર્ભે આ સ્વરૂપની બદલાતી જતી અને બંધાતી જતી તાસીરને તપાસી મારા

મૌલિક વિચારો અભિવ્યક્ત કરવાનો અહીં મેં નમ્ર પ્રયાસ કર્યો છે. આ સ્વરૂપની લાક્ષણિકતાઓ દર્શાવવા મેં કેટલેક સ્થળે સભાનતાપૂર્વક વધુ અવતરણો આપ્યાં છે. શૈલીના ઉન્મેષો દર્શાવવા અને સર્જકના  વિષય પરત્વેના આગવા અભિગમો નોંધવા અવતરણો જોવાં અનિવાર્ય છે.

મારા અભ્યાસ દરમ્યાન મારા માતા-પિતા અને ભાઈઓ તપન તથા ઋષિએ કરેલા સહયોગથી મન ભરાઈ આવે છે. આ સમયમાં જાણે હું જ તેમનું કેન્દ્ર બની ગઈ હોઉં એમ મને સતત સાચવતા આવ્યા છે. મારો પરિવાર મારી સૌથી મોટી સંપદા છે, એમના માટે દીર્ઘમાં દીર્ઘ શબ્દપટ પણ ટૂંકો પડવાનો. સદાય મારો આધાર બની રહી મને સતત પ્રેરણા અને ઉષ્મા આપનારા મારા સ્વજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

સંશોધનકાર્યના મારા ઘડતરકાળમાં મારા માર્ગદર્શક પ્રૉ. સુધા નિરંજન પંડ્યા પ્રત્યે મને ઊંડો આદર છે. મારી લેખનપ્રક્રિયામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિગતો પરત્વે ધ્યાન આપવાનું સૂચન મને કરતાં અને કશુંય ગળાયા વગરનું પસાર ન થાય એની ખાસ કાળજી લેતાં. એમનો શિસ્તાગ્રહ ક્યારેક મને કઠતો પણ આ તાલીમ મારા માટે અમૂલ્ય ઉપલબ્ધિ પુરવાર થઈ છે. એમના નિસબતપૂર્વકના માર્ગદર્શનથી મારા કાર્યમાં સતત પ્રગતિ સધાઈ છે. ક્યારેક વિશાળ વ્યાપને જોઈને થાકી જતી ત્યારે એમના શબ્દોએ સંજીવનીનું કાર્ય કર્યું છે. કેવળ એ જ નહીં પણ એમના સમગ્ર પરિવારે મને અવિરત પ્રોત્સાહિત કરી છે.

આ સાથે વડોદરા નગરીને પણ ભૂલી ન શકાય. અધ્યાપનકાર્યની જવાબદારી સાથે આરંભેલા આ કાર્ય દરમ્યાન મને એક વ્યાપક પરિપ્રેક્ષ્ય તથા વિચાર વિનિમયનું વિશાળ ક્ષેત્ર પ્રાપ્ત થયું છે. મારી મર્યાદિત સામગ્રી તથા સમજણને અહીં ઘણો મોટો ઊઘાડ મળ્યો છે. મારા વિભાગના સર્વ અધ્યાપકોએ જે સાથ સહકાર આપ્યો છે તે માટે એમની સદ્‌ભાવનાનું હું ઘણું ઊંચુ મૂલ્ય આંકું છું.મારી પ્રગતિમાં રસ દાખવતા તથા એ અંગે પૃચ્છા કરતા રહેતા ડૉ. નીતા ભગત, ડૉ. રમણ સોની તથા ડૉ. જયેશ ભોગાયતાને હૃદયપૂર્વક સ્મરું છું. રેખાચિત્રનું કોઈ પુસ્તક  ધ્યાનમાં આવ્યું હોય ને તરત એ વિશે જાણ કરતા તથા સતત પ્રોત્સાહન આપતા રહેતા ડૉ.ભરત મહેતા અને ડૉ. અરૂણા બક્ષીને કેમ ભુલાય ? તેઓના પ્રેમાળ સહયોગની ઋણી છું. મારા વિભાગ ઉપરાંત યુનિવર્સિટીના અન્ય વિભાગના અધ્યાપકોએ પણ મેં જ્યારે જ્યારે પુસ્તકો કે વિગતો મેળવવાનો પ્રયત્ન કર્યો ત્યારે ત્યારે ઉમળકાભેર સહાય કરી છે. મરાઠી વિભાગના અધ્યાપક ડૉ. સંજય કરંદીકરે કરેલી પુસ્તકીય સહાય તથા આપેલા પ્રોત્સાહન

માટે ઋણી છું. ડૉ. રમેશ ર. દવે તથા શ્રી જૉસેફ મૅકવાને કેટલાંક અપ્રાપ્ય પુસ્તકો પ્રાપ્ત કરવામાં સહાય કરી છે. અન્ય પુસ્તકાલયોમાંથી અભ્યાસસામગ્રી મેળવવાના મેં પ્રયત્ન કર્યા હતા. એમાં સહાયક થનાર સૌને યાદ કરું છું. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય અને એમના વિદ્યાર્થી રતિલાલ રાઠવાએ પણ મારા કાર્યમાં ઉત્સાહથી મદદ કરી છે. આ ઉપરાંત મારી હંસા મહેતા લાયબ્રેરી અને તેના સ્ટાફનું સ્મરણ તો અચૂક કરવું જ રહ્યું. મારા મિત્રો ડૉ.ચૈતી સાળુંકે, ડૉ. કાન્તિ માલસતર, દીપ્તિ આચાર્ય, માહેનુર સૈયદ વગેરેએ કરેલી વિવિધ પ્રકારની સહાયની કદર કરું છું. શોધનિબંધના પ્રિન્ટિંગ માટે પિંકલ પુરોહિતે ઘણો સહકાર આપ્યો છે. મારા સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ-પરોક્ષ રૂપે જેમની હૂંફ અને પ્રોત્સાહન મને મળ્યાં છે તે સર્વનો અહીં અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

રેખાચિત્ર સ્વરૂપના ઘણા વ્યાપક વિસ્તારને અભ્યાસીને આજે આપની સમક્ષ 'ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રોની ગતિવિધિઃ એક અભ્યાસ' મહાશોધનિબંધ પ્રસ્તુત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

તારીખ : ૨|૨|૦૮

૨|૨|૦૮
પન્ના બિપિનચંદ્ર ત્રિવેદી